# Video Conference of Leaders of SAARC Countries

March 16, 2020

## સાર્ક દેશોનાં આગેવાનોની વિડીયો કોન્ફરન્સ

માર્ચ 16, 2020

1. હાલમાં વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યૂએચઓ) દ્વારા વૈશ્વિક મહામારી તરીકે જાહેર કરેલા કોવિડ-19 નાં સતત ફેલાવાનાં દ્રષ્ટિકોણમાં, પ્રાંતિય સહકાર માટેનાં દક્ષિણ એશિયન સંગઠન (સાર્ક) નાં આગેવાનોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં આમંત્રણ પર 15 માર્ચ, 2020, રવિવારનાં રોજ વિડિયોકોન્ફરન્સ મારફત એકઠા થયા હતા.

2. આ સભાએ નેતાઓને આ મહામારી સંબંધિત વર્તમાન પરિસ્થિતિની આકારણીઓનું આદાન-પ્રદાન કરવા, શ્રેષ્ઠ પ્રથાઓ પર વિચારણા કરવા, અને જાહેર ભય દૂર કરીને અને સંભવિત આર્થિક અસરો ન્યૂનત્તમ કરીને આ રોગનાં ફેલાવાને ન્યૂનત્તમ કરવા અને નાથવા માટે દરેક દેશ માટે સહકારી પગલાઓ અને અભિગમની ઓળખ કરવા સક્ષમ બનાવ્યા હતા. આ વિડીયોકોન્ફરન્સ પર ભારતીય વડાપ્રધાન સાથે અફઘાનિસ્તાન, માલદીવ અને શ્રીલંકાનાં મહામહિમ રાષ્ટ્રપતિઓ; બાંગ્લાદેશ, નેપાળ અને ભુતાનનાં વડાપ્રધાનો, પાકિસ્તાનનાં રાજ્ય કક્ષાનાં આરોગ્ય મંત્રી અને સાર્કનાં સેક્રેટરી જનરલ જોડાયા હતા.

3. આગેવાનોએ આ સામાન્ય પડકારનો ઉકેલ મેળવવા પ્રાંતિય સહકારની અગત્યતાની ઓળખ કરીને આ પહેલ માટે પ્રશંસા વ્યક્ત કરી હતી. વડાપ્રધઝાન શ્રી મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે જટિલ સીમા-પારનાં પડકારોને સંબોધવામાં પ્રાંતિય સંકલન માટે સાર્ક પ્રાંત વિશ્વ સમક્ષ ઉદાહરણ સ્થાપિત કરી શકે છે. તેઓએ આ સંદર્ભમાં કોવિડ-19 માટે સાર્ક આપાત્તકાલિન ભંડોળની સ્થાપના કરવાનું સૂચવ્યું હતું જેમાં ભારત તરફથી પ્રારંભિક યુએસ $ 10 મિલિયનનું યોગદાન આપવામાં આવશે. ભારતે મહામારીની અસપની આગળની આકારણી માટે સાર્ક પ્રાંતનાં તબીબી વ્યાવસાયિકો અને વ્યાપાર તથા આર્થિક અધિકારીઓ વચ્ચે અનુસરણ ચર્ચાઓ માટે પણ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ભારતે કોઈપણ સાર્ક સહભાગી દેશમાં તબીબી અને અન્ય વ્યાવસાયિકોની તેની વિશેષ રીતે બનાવેલી ઝડપી પ્રતિભાવ ટૂકડીઓ અને તપાસણી સાધનોકામ પર લગાડવા માટે પણ ઑફર મૂકી હતી. કાર્યક્ષમતા-નિર્માણ માટે પણ સહાયતા ઑફર કરવામાં આવી હતી જેમાં ઓનલાઈન તાલીમ અભ્યાસક્રમો, સાર્ક હોનારત વ્યવસ્થાપન કેન્દ્રો પર કોવિડ-19 નુ નિરાકરણ લાવવાની શ્રેષ્ઠ પ્રથાઓનાં સંગ્રહની સ્થાપના, દરેક સાર્ક ભાષાઓમાં માહિતી ધરાવતી વેબસાઈટ સહિતનો સમાવેશ થાય છે. ભારતે રોગની દેખરેખ માટેનાં સંકલિત આરોગ્ય માહિતી માટેનાં તેનાં સોફ્ટવેરને શેર કરવાની પણ ઑફર કરી હતી.

4. આગળ જોતા, ભારતે મહામારીઓ માટે નિદાનાત્મક અને ઉપચારાત્મક સામેલગીરીઓ માટેનાં વિચારોની આપ-લે કરવા માટે સાર્ક રાજ્યોનાં મંચ માટે ઈન્ડિયન કાઉન્સિલ ફૉર મેડિકલ રીસર્ચ (આઈસીએમઆર) દ્વારા સહાયતા આપવાની પણ ઑફર કરી હતી.

5. સાર્ક દેશોનાં રાજ્યોનાં અને સરકારનાં વડાઓએ આ વિચારોને આવકાર્યા હતા અને કોવિડ-19 મહામારી સામે ગાઢ રીતે સાથે મળીને કાર્ય કરવાનું ચાલું કાખવાનાં મૂલ્યનું પુનઃઉચ્ચારણ કર્યું હતું.

**નવી દિલ્હી**
**માર્ચ 16, 2020**

**DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.**